ઉત્થાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

(Accredited By NAAC : 'B'$^{+}$ Grade) GSIRF : 2024 (**** 4star)

વર્ષ : ૧૫ | માર્ચ-૨૫ થી ઓગ.-૨૫ | ✲ વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- | ✲ છૂટક નકલ રૂા. ૫/- | સળંગ અંક : ૭૪

✲ **તંત્રીશ્રી :**

પ્રિ. ડૉ. વિમલ જોશી

✲ **સહ તંત્રીશ્રી :**

ડૉ. કે.આર.વણકર
પ્રો. બી.ડી.જોશી
ડૉ. ગિરીશ ચૌધરી
ડૉ. અલ્પેશ પ્રજાપતિ
ડૉ. પુનિત એચ. સુથાર
ડૉ. હિરેન ચાવડા
શ્રી રાકેશ એ. ભટ્ટ (ગ્રંથપાલ)

✲ **વિદ્યાર્થી સંપાદકો :**

મીનલ રાજ
અપેક્ષા પરમાર
આરતી રાઠોડ
ફોરમ ગોહેલ
મેહુલ ઠાકોર

✲ **ફોટોગ્રાફર :**

શ્રી યશ પટેલ

✲ **પ્રકાશક :**

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મુ. પેટલાદ - ૩૮૮ ૪૫૦.
જિ. આણંદ - ગુજરાત.
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

Website :
www.petladcollege.org.in
Email : petladartsandscience@gmail.com

તંત્રીશ્રીની કલમે....

વૈશ્વિક અશાંતિમાં ભારતની ભૂમિકા -'વસુધૈવકુટુમ્બકમ' ની ભાવના

વૈશ્વિક પરિસ્થિતિ અને પડકારો :

વિશ્વનો ઇતિહાસ સાક્ષી છે કે માનવ સમાજ હંમેશાં પરિવર્તન, સંઘર્ષ અને સહકારના ચક્રમાંથી વખતોવખત પસાર થતો આવ્યો છે. એકવીસમી સદીના બીજા અને ત્રીજા દાયકામાં પણ દુનિયા પુનઃ એક અસ્થિર સમયગાળામાંથી પસાર થઈ રહી હતી અને છે. કોરોના જેવા વૈશ્વિક આરોગ્ય સંકટ, મધ્યપૂર્વના વિવાદો, રશિયા-યુક્રેન યુદ્ધ, દક્ષિણ ચીન સમુદ્રમાં તણાવ, આબોહવા-જળ-વાયુ-પરિવર્તન, આર્થિક મંદી અને સાયબર જોખમો. આ બધું એક સાથે માનવ જાત અને માનવતા બંનેને પડકાર આપી રહ્યાં છે. આવી વિષમ અને વિકટ પરિસ્થિતિમાં પ્રાચીન સંસ્કૃતિ ધરાવતા રાષ્ટ્ર તરીકે વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો આપણો ભારત દેશ એ એક ઊભરતી આર્થિક શક્તિ અને માત્ર પોતાના હિત માટે નહીં પરંતુ વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ માટે પણ જવાબદાર રાષ્ટ્ર તરીકે પોતાની ભૂમિકા ભજવી રહ્યું છે એવું કહી શકાય.

ભારત માટે Geopolitical Advatage (ભૂરાજકીય લાભ) એ છે કે તે પશ્ચિમના અને પૂર્વના દેશો વચ્ચે સેતુ સમાન છે. ભારતને ઉત્તર અને દક્ષિણ ગોળાર્ધ વચ્ચેનો સાંસ્કૃતિક પુલ કહીએ તો પણ અતિશયોક્તિ નહિ ગણાય. ઉપરાંત, વિકસિત તેમજ વિકાસશીલ દેશો વચ્ચેના સમાધાનકર્તા મંચ તરીકે ગણીએ તો પણ કાંઈ ખોટું ના કહેવાય. આ વિશેષતાઓ ભારતને માત્ર એક ભાગીદાર નહીં, પરંતુ એક માર્ગદર્શક રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરે છે.

'વસુધૈવકુટુમ્બકમ' - પ્રાચીન વિચાર-આધુનિક માર્ગદર્શન :

અયંબન્ધુરયંનેતિગણનાલઘુચેતસાં । ઉદારચરિતાનાંતુવસુધૈવકુટુમ્બકં ॥

મહા ઉપનિષદનું આ સૂત્ર ભારતીય સંસ્કૃતિનો આત્મા છે. તેનો ટૂંકસાર : 'સંપૂર્ણ ધરતી એક પરિવાર છે.' આ ઉત્કૃષ્ટ વિચાર આંતરરાષ્ટ્રીય સરહદો, વિવિધ ધર્મો-જાતિઓ અને વંશના બધા ભેદભાવોને દૂર કરી સમગ્ર વિશ્વને એક કુટમ્બ તરીકે ગણે છે.

ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો ભારતે 'વસુધૈવકુટુમ્બકમ' ની આ ભાવનાને મહદંશે યથોચિત પણે વ્યકત કરી છે : જેમ કે, બૌદ્ધ ધર્મના પ્રસાર દ્વારા અહિંસા અને કરુણાનો સંદેશ વિશ્વ સુધી પહોંચાડવો; અફઘાનિસ્તાથી દક્ષિણ-પૂર્વ એશિયા સુધીના વેપાર-સાંસ્કૃતિક સંબંધોમાં આપે-લે; બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન બ્રિટિશ કબજામાં હોવા છતાં ભારતીય સૈનિકોએ અન્ય દેશોમાં શાંતિસ્થાપન માટે આપેલી સેવા વગેરે.

વર્તમાન સમયમાં પણ ભારત 'વસુધૈવકુટુમ્બકમ'ના સિદ્ધાંતનું અમલીકરણ કરતું રહ્યું છે, દા.ત. કોવિડ-૧૯ મહામારી સમય દરમિયાન 'વૈક્સિન મૈત્રી' અભિયાન દ્વારા અનેક દેશોને રસી પહોંચાડવી; આફત રાહત મિશન જેવાં કે, વિનાશક ભૂકંપ બાદ 'ઓપરેશન દોસ્ત' દ્વારા તુર્કી અને સીરિયાને પહોંચાડેલી મદદ; 'ઓપરેશન રાહત ' દ્વારા ભારતીય નૌકાદળના જહાજ તરકશ દ્વારા યમનના યુદ્ધગ્રસ્ત

.....પાન નં. ૨

શહેર એડનમાંથી વિવિધ રાષ્ટ્રીયતા ધરાવતા આશરે ૪૬૪ કર્મચારીઓને સાલમત બહાર કાઢવાની કામગીરી; G20 અધ્યક્ષપદ 2023 " One Earth, One Family, One Future" સૂત્ર દ્વારા વૈશ્વિક સહકારનો સંદેશ આપવો વગેરે..

સરદાર પટેલના સિદ્ધાંતો-રાષ્ટ્રીય એકતાથી વૈશ્વિક એકતા સુધી :

ભારતના રાજકીય એકીકરણના શિલ્પી ''લોખંડી પુરુષ'' સરદાર વલ્લભભાઈ પટેલના સિદ્ધાંતો આજે પણ વૈશ્વિક રાજનીતિમાં માર્ગદર્શન રૂપે છે, દા.તઃ ભારતની એકતા અખંડ રાખવા માટે તેમણે બધા રજવાડાંઓને એક કર્યા એ સિદ્ધાંત અનુસાર વૈશ્વિક સ્તરે નાના-મોટા દેશો વચ્ચે સહકાર માટે સંકલ્પ કરી સમતોલિત વિકાસ કરી શકાય.

સરદાર પટેલ કડક પણ વાસ્તવિકતા આધારિત વ્યવહારુ રાજનીતિ (Pragmatic Diplomacy) અપનાવતા હતા. આજના સમયમાં ભારત પણ પોતાના હિતને જાળવી રાખીને UN, BRICS, SCO જેવા આંતરરાષ્ટ્રીય મંચ પર સંતુલિત ભૂમિકા ભજવે છે.

સરદાર પટેલ સાહેબે વખતોવખત સુરક્ષા અને સ્વાયત્તતા બાબતે જે નિર્ણયો લીધા હતા તેમ વર્તમાન સમયમાં આંતરિક સુરક્ષાને પ્રાથમિકતા આપવાની સાથોસાથ આજે વૈશ્વિક સુરક્ષાનાના મુદ્દાઓ જેવા કે સાયબર સુરક્ષા, આતંકવાદ વગેરે પર પણ ભારત સજાગ અને સક્રિય છે. આમ, સરદાર સાહેબના અભિગમથી કહી શકાય કે રાષ્ટ્રીય એકતા વગર વૈશ્વિક નેતૃત્વ શક્ય નથી.

વર્તમાન પરિસ્થિતિમાં ભારતની કાર્યશૈલી :

ભારત હાલ વિવિધ ક્ષેત્રોમાં Global Peace Facilitator તરીકે કાર્યરત છે, જેમ કે,

(૧) શાંતિ-સ્થાપન મિશન- UN Peace-Keeping Forces માં ભારતનો મહત્ત્વનો ફાળો. (૨) હવામાન બદલાવ સામે લડત International Solar Alliance ની સ્થાપના. (૩) ડિજિટલ-પબ્લિક ગુડ્સ - UPI, CoWIN જેવા પ્લેટફોર્મ વિશ્વ સાથે વહેંચવા. (૪) માનવતાવાદી રાજદ્વારી - આપત્તિ સમયે તાત્કાલિક સહાય પૂરી પાડવી.

વૈશ્વિક અશાંતિના સમયમાં ભારત માટે પડકાર અને તક બંને છે. 'વસુધૈવકુટુમ્બકમ' ભારત રાષ્ટ્રને વૈશ્વિક સંકટોને માનવતાવાદી દૃષ્ટિકોણથી જોવાનું શીખવે છે. સરદાર પટેલની દૃઢતા અને એકતાવાદી નીતિ ભારતને મજબૂત આંતરિક આધાર આપે છે. આજે, ભારત પોતાના પ્રાચીન મૂલ્યોને આધુનિક વ્યૂહરચના સાથે જોડી, માત્ર પોતાના નાગરિકો માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે આશાનો પ્રકાશ બની રહ્યો છે. આ રીતે, ભારત વૈશ્વિક નેતૃત્વનું નવું મોડલ રજૂ કરે છે કે ''જ્યાં શક્તિનો ઉપયોગ દમન માટે નહીં, પરંતુ સહકાર અને શાંતિ સ્થાપન માટે થાય.''

- પ્રિ. ડૉ. વિમલ જોશી

* * *

વિશ્વશાંતિ : માનવતાનો સાચો પંથ

વિશ્વશાંતિ માનવ જીવનની સર્વોત્તમ આવશ્યકતા છે. આજના યુગમાં જ્યારે હિંસા, અશાંતિ અને દ્વેષ વધતાં જાય છે, ત્યારે શાંતિના દીવા પ્રગટાવવાની જરૂર છે.

''શાંતિના દીવા પ્રગટાવીએ, દ્વેષ અંધકાર હરાવીએ,
પ્રેમના ફૂલોથી વિશ્વ સજાવીએ, સૌહાર્દનું સંગીત બજાવીએ.''

આ પંક્તિઓ આપણને યાદ અપાવે છે કે પ્રેમ અને સૌહાર્દથી જ સાચો સુખમય સમાજ રચાય છે. યુદ્ધ અને હિંસા ક્યારેય કોઈને સુખ આપી શકતા નથી. યુદ્ધના મેદાનમાં વિજેતા અને પરાજિત બંનેને જ નુકસાન ભોગવવું પડે છે. ઇતિહાસ સાક્ષી છે કે હિંસાથી પ્રાપ્ત થયેલી કોઈ જીત કાયમી રહી નથી.

''યુદ્ધે કદી સુખ નથી લાવ્યું, હિંસાએ કદી આનંદ નથી આપ્યો,
શાંતિના માર્ગે ચાલીએ મિત્રો, એ જ જીવનનું સાચું સપનું.''

શાંતિ માટે જરૂરી છે કે માનવ પોતાના અંતરમાં દયા, કરુણા અને સહિષ્ણુતા જગાવે. વ્યક્તિગત સ્તરે મનની શાંતિ, કુટુંબમાં એકતા અને સમાજમાં પરસ્પર વિશ્વાસ એ જ વિશ્વશાંતિના આધારસ્તંભ છે. પ્રેમના દોરાથી જ સમગ્ર જગત જોડાઈ શકે છે.

''સહિષ્ણુતા, દયા અને પ્રેમના દોરાથી જગત જોડાય,
વિશ્વશાંતિના સપનામાં નવો સૂર્યોદય ઉજળાય.''

વિશ્વશાંતિ માત્ર રાજકીય સંધિઓ કે આંતરરાષ્ટ્રીય સંગઠનોની ફરજ નથી, પરંતુ દરેક નાગરિકની જવાબદારી છે. જો વ્યક્તિ પોતાનાં જીવનમાં સહિષ્ણુતા અપનાવે, દ્વેષને ત્યજી દે અને પરોપકારના માર્ગે ચાલે તો સમાજ પોતે જ શાંતિમય બની જાય. એક દીવો બીજા બીજા દીવાને પ્રગટાવે ત્યારે જેમ અંધકાર દૂર થાય છે, તેમ એક વ્યક્તિનો સદાચાર બીજા માટે પ્રેરણા બને છે.

''મનથી મન જોડાય જ્યારે, હૃદયથી હૃદય બોલે,
શાંતિથી ગંગા વહે ત્યારે, માનવતા હંમેશાં ખીલે.''

શાંતિનો સાચો અર્થ માત્ર યુદ્ધનો અભાવ નથી. શાંતિનો અર્થ છે- સમાનતા, ન્યાય સહાનુભૂતિ અને સૌ માટેનો સન્માન. જ્યારે સમાજમાં ગરીબી, અશિક્ષા અને અસમાનતા ઓછા થશે,ત્યારે સાચી શાંતિનો પ્રભાત ઉજળશે. આથી શિક્ષણ, સમાન તક અને માનવ મૂલ્યોના સંવર્ધન દ્વારા વિશ્વને શાંતિના માર્ગે લઈ જવું એ આપણું કર્તવ્ય છે.

વિશ્વના મહાન વિચારકો-ભગવાન બુદ્ધ, મહાત્મા ગાંધી, નેલ્સન મંડેલા કે મધર ટેરેસા- સૌએ આપણને શાંતિ, અહિંસા અને માનવતાનો જ સંદેશ આપ્યો છે. તેમણે બતાવ્યું કે પ્રેમ અને કરુણા જેવા મૂલ્યો જ માનવજાતને સાચા અર્થમાં ઉન્નતિ તરફ લઈ જઈ શકે છે.

અંતે કહી શકાય કે વિશ્વશાંતિ કોઈ કલ્પના નથી. પરંતુ માનવજાત માટેનું અનિવાર્ય સત્ય છે. અહિંસા, દયા અને સહકારના પંથ પર ચાલીને જ આપણે એક સુખમય, સમૃદ્ધ અને ઉજ્જવળ વિશ્વ રચી શકીશું.

- તળપદા મનિષા આર.(બી.એ. સેમ.-૩)

* * *

માણસ પૈસા બચાવે તે જરૂરી છે પરંતુ એ પૈસાથી માણસ માણસને બચાવે તે વિશેષ જરૂરી છે.

હૃદયની કોઈ જ ભાષા હોતી નથી.
હૃદય હૃદયથી જ વાતચીત કરે છે.

વિશ્વશાંતિ, ભારતીય મૂલ્યો અને સરદાર પટેલના વિચારો

વિશ્વ આજે અનેક સંકટોનો સામનો કરી રહ્યું છે. આતંકવાદ, યુદ્ધ, આત્મઘાતી પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય હિતથી ઉપર જાતિવાદ, પ્રાંતવાદ, ભાષાવાદ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. આવી સ્થિતિમાં વિશ્વ શાંતિ માટે ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યો અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ભારતની સંસ્કૃતિ સહિષ્ણુતા, સહ અસ્તિત્વ અને સર્વે ભવન્તુ સુખિનઃ જેવા વિચારો પર આધારિત છે.

ભારતીય મૂલ્યોમાં 'વસુધૈવ કુટુંબકમ' એટલે સમગ્ર વિશ્વને એક કુટુંબ સમાન માનવાનો વિચાર વિશેષ છે. આ વિચાર વિશ્વ શાંતિ માટે એક દિશાસૂચક બની શકે છે.

સરદાર વલ્લભભાઈ પટેલ, જેમને લોહપુરુષ કહેવામાં આવે છે, તેમના વિચારો પણ એકતાના સેતુ હતા. તેમણે રાજકીય એકતાના મહત્ત્વને સમજીને ભારતના હજારો દેશી રજવાડાંઓને એક ભારતમાં ભેગા કર્યા. તેમણે કદીએ ધર્મ, જાતિ કે ભાષાના આધાર પર વિભાજન ન કર્યું. તેમના માટે રાષ્ટ્રની એકતા પ્રથમ હતી.

આજના આધુનિક યુગમાં જ્યાં વૈજ્ઞાનિક શોધો અને ટેકનોલોજી ઊંચા શિખરો સર કરી રહી છે, ત્યાં માનવ સમાજ હજુ પણ આંતરિક કલહ, યુદ્ધ, આતંકવાદ અને ઘૃણાની લાગણીઓથી પીડાઈ રહ્યો છે. આવી પરિસ્થિતિમાં 'વિશ્વ શાંતિ' માત્ર એક સપનું નહીં, પણ સમયની મહાન જરૂરિયાત બની ગઈ છે. આ શાંતિને સ્થાપતિ કરવા માટે જગતને એવા મૂલ્યોની જરૂર છે. જે સર્વસમાવેશક, સહિષ્ણુ અને આધ્યાત્મિક હોવા જોઈએ અને એ મૂલ્યો ભારતની પ્રાચીન સંસ્કૃતિમાં વ્યાપ્ત છે. ભારતીય સંસ્કૃતિમાં ઊંડાણપૂર્વક સમાવાયેલા માનવતા, સત્ય, અહિંસા, કરુણા અને ક્ષમા જેવા મૂલ્યો વિશ્વશાંતિ માટે માર્ગદર્શક બની શકે છે. ઉપરાંત, ભારતના મહાન નેતાઓમાં સરદાર વલ્લભભાઈ પટેલ એક એવી વ્યક્તિ હતા, જેમણે રાષ્ટ્રના એકીકરણ માટે પોતાના જીવનની આહુતિ આપી અને જેમના વિચારો આજે પણ વૈશ્વિક સ્તરે શાંતિ અને એકતાનું પ્રતીક બની શકે છે.

વિશ્વશાંતિ એટલે કે સમગ્ર જગતમાં સભ્યતાનો વિકાર વિના, હિંસા વગર, માનવતાની ભાવના સાથે જીવવાની સ્થિતિ, માત્ર absence of war એટલે શાંતિ નહીં, પરંતુ અંદરથી લાગણીસભર સંતુલન, મૈત્રી, ભાઈચારો તથા સમાન અધિકારથી જીવવાનો સંદેશ છે. આજના સમયમાં શાંતિ માટે પડકારરૂપ ઘણા તત્ત્વો છે. જેવા કે ધર્મના આધારે વિભાજન અને આતંકવાદ, રાજકીય અસહિષ્ણુતા, અર્થવ્યવસ્થાની અસમાનતા અને પ્રકૃતિનો વિનાશ અને પર્યાવરણ પ્રદૂષણ વગેરે જેવા મુદ્દાઓનો ઉકેલ એવાં મૂલ્યોમાં છે, જે વ્યક્તિગત અને સામૂહિક જીવનમાં સંતુલન અને એકતા જાળવે.

સરદાર પટેલ માત્ર રાજકારણી નહોતા, પણ એક વિઝનરી નેતા હતા. એમનો જન્મ ૩૧ ઓકટોબર, ૧૮૭૫ના રોજ નડિયાદ, ગુજરાતમાં થયો હતો. તેઓએ ભારતીય સ્વાતંત્ર્ય આંદોલનમાં અને ત્યારબાદ દેશના એકીકરણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. રાષ્ટ્રીય એકતા, પ્રમાણિકતા અને જવાબદારી, શિસ્ત અને સંસ્થા નિર્માણ, શાંતિ અને દૃઢતા, અખંડ ભારતનું સ્વપ્ન વગેરે તેમના મુખ્ય વિચારો અને મૂલ્યો હતા. સરદાર પટેલ માને છે કે જો રાષ્ટ્ર ભીતરથી મજબૂત ન હોય, તો બહારથી શાંતિ સ્થપાય નહિ. તેમણે 562 દેશી રજવાડાંઓને ભારત સાથે ભેગા કરીને રાષ્ટ્રની એકતા સાધી. તેઓ સ્પષ્ટતા અને કડક વલણ ધરાવતા હતા. પણ સાથે જ જવાબદારીશીલ અને સહાનુભૂતિપૂર્ણ પદ્ધતિ અપનાવતા.

સરદાર પટેલે પોલીસ સેવાઓ, સશસ્ત્ર દળો અને એડમિનિસ્ટ્રેટિવ માળખા માટે મજબૂત પાયા ઊભા કર્યા. તેમણે સરકારી તંત્રને શિસ્ત અને પારદર્શકતા માટે પ્રેરિત કર્યું. શાંતિ માટે નમ્રતા જરૂરી છે, પણ જ્યારે જરૂર પડે ત્યારે દૃઢતા પણ. સરદાર પટેલે હૈદરાબાદ અને જૂનાગઢ જેવી સમસ્યાઓને શાંતિપૂર્ણ પરંતુ દૃઢ પદ્ધતિથી ઉકેલી. તેમને કોઈ જાતિવાદ કે ભાષાવાદ પસંદ ન હતો. એમનું મુખ્ય લક્ષ્ય ''એક ભારત, શ્રેષ્ઠ ભારત'' હતું. ભારતીય સંસ્કૃતિ એ માત્ર ધાર્મિક અથવા ઐતિહાસિક સંકલન નથી. પરંતુ તે જીવવા માટેની એક દિશા દર્શાવે છે. અહીંના મૂલ્યો સમયપાત્ર અને વૈશ્વિકરૂપે લાગુ પડે એવા છે.

મહાત્મા ગાંધીના આદર્શો પર આધારિત, અહિંસા એ માત્ર હિંસાના અભાવ માટે નહીં, પણ મન, વાણી અને કર્મથી કેવળ પવિત્રતા જાળવવા માટે પણ છે. સહિષ્ણુતા અને સર્વધર્મ સમભાવ ભારતે હંમેશાં અનેક ધર્મોને સમાન માન આપ્યું છે. બધા ધર્મો સાથે એકતા રાખવાની ભાષા ભારતે જ બોલી છે. આખું જગત એક કુટુંબ છે. 'વસુધૈવકુટુંબકમ' આ સંકલ્પના જ શાંતિના મૂળમાં છે. જ્યારે આપણે બીજા લોકોમાં પોતાને જ જોઈએ છીએ, ત્યારે દુશ્મનાવટ લાગતું જ નથી. ક્ષમાશીલતા એ આંતરિક શાંતિનો આધાર સ્તંભ છે. ભારતે હંમેશાં ક્ષમાશીલતા અને દયાળુતાનું મહત્ત્વ માન્યું છે. ભારતીય જીવનશૈલીમાં વ્યક્તિગત મોરાલિટી (નૈતિકતા) કુટુંબ માટે કર્તવ્ય અને સમાજ માટે જવાબદારી મહત્ત્વ ધરાવે છે. આ મૂલ્યો માત્ર ભારત માટે નહીં, પણ આખા વિશ્વ માટે પણ શાંતિ અને પ્રગતિના આધાર સ્તંભ બની શકે છે.

વિશ્વ શાંતિમાં સરદાર પટેલ અને ભારતીય મૂલ્યોનું યોગદાન- જેમ જેમ દુનિયા વધુ તણાવ ભરેલી અને વિભાજનવાળી બની રહી છે, તેમ તેમ સરદાર પટેલના એકતા અને દૃઢવાદી વિચારો અને ભારતીય સંસ્કૃતિના સર્વધર્મ સમભાવ જેવા મૂલ્યો વધુ જરૂરી બની રહ્યા છે.

સરદાર પટેલ હંમેશાં વ્યવહારુ નેતા રહ્યા. તેમની દૃઢતા, નમ્રતા અને સાહસ એકસાથે જોવા મળતા. તેમના વિચારોમાં શાંતિ અને વિકાસ માટેના કેટલાક મહત્ત્વના તત્ત્વો જોવા મળે છે. રાષ્ટ્રીય એકતા એ શાંતિનો આધાર છે. તેમને ખબર હતી કે આંતરિક વિભાજન રહિત રાષ્ટ્ર જ બહારથી શાંતિ જાળવી શકે. તેમણે દેશના 562 રજવાડાંઓને ભારતમાં ભેગાં કર્યા. જે મોટું કાર્ય હતું. જો તેઓએ આ પ્રયત્નો ન કર્યા હોત, તો આજે ભારત ઘણી રાજકીય આંધીઓનો ભોગ બનેલ હોત. તેમણે હૈદરાબાદ, જૂનાગઢ અને અન્ય રજવાડાંઓ સાથે રાજકીય કૌશલ્યથી વાતચીત કરી અને જ્યાં જરૂર પડી ત્યાં લશ્કરી પગલાં લઈ શાંતિપૂર્ણ ભવિષ્ય સુનિશ્ચિત કર્યું. તેમણે દર્શાવ્યું કે શાંતિ માટે ક્યારેક દૃઢતા જરૂરી છે. તેમના શાસન દરમિયાન તેમણે શિસ્તભર્યું વલણ અપનાવ્યું. તેમણે ઘૂસખોરી, અસમાનતા અને અવ્યવસ્થા સામે ઝીણાશથી લડત લડી. આ મૂલ્યો કોઈ પણ રાષ્ટ્ર માટે શાંતિપૂર્ણ શાસન માટે આવશ્યક છે. સરદાર પટેલે કદી કોઈ જાતિ, ધર્મ કે ભાષાના આધારે ભેદભાવ ન કર્યો. તેમના દૃષ્ટિકોણમાં દરેક ભારતીય એકસમાન હતો. આ અભિગમ આજે વૈશ્વિક સ્તેર લાગુ પડે છે, જ્યાં ધર્મના આધારે અનેક દુશ્મનાવટ ઊભી થાય છે. વિશ્વ શાંતિ માટે સરદાર પટેલના થોડા વિચારો અહીં નીચે મુજબ રજૂ કરવામાં આવ્યા છે:

- ''આંતરિક એકતા વિના બહાર શાંતિ શક્ય નથી.'' સરદાર પટેલે આ સિદ્ધાંતને જીવનમાં ઉતાર્યો.
- પ્રામાણિક અને જવાબદારીભર્યું નેતૃત્વ જગત માટે વિશ્વાસ ઊભો કરે છે.

* શિસ્તભરેલું શાસન દેશના વિકાસ અને શાંતિ માટે મજબૂત પાયો છે.
* એકતા, સમરસતા અને નૈતિકતા જેવા મૂલ્યો આજે પણ યુએન, યુનિવર્સલ હ્યુમન રાઈટ્સ જેવી સંસ્થાઓ માટે માર્ગદર્શક બની શકે છે.

ભારત વિવિધ સંસ્કૃતિઓ, ભાષાઓ, ધર્મો અને પરંપરાઓથી સમૃદ્ધ દેશ છે. અહીંની સંસ્કૃતિ હજારો વર્ષો જૂની છે અને આ સંસ્કૃતિએ અનેક ઊંચા નૈતિક મૂલ્યોની સ્થાપના કરી છે. આવા ભારતીય મૂલ્યોનો આધાર હતો સત્ય,અહિંસા, કરુણા, સહનશક્તિ, એકતા અને બિરાદરી. આ મૂલ્યોના પાયા પર જ ભારત એક રાષ્ટ્ર તરીકે વિકસ્યું છે. સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના એવા મહાન નેતાઓમાંથી હતા. જેમણે આ મૂલ્યોને પોતાના રાજકીય અને વ્યક્તિગત જીવનશૈલીમાં ઉતાર્યા હતા. તેમણે દેશની એકતા માટે અપાર યોગદાન આપ્યું. તેમની વિચારધારાઓ આજે પણ નાગરિક જીવન માટે માર્ગદર્શક છે. સરદાર પટેલ ભારતીય મૂલ્યોના સાચ્ચા પ્રતિનિધિ હતા. તેમના વિચારો આજે પણ ખૂબ પ્રસ્તુત છે. સરદાર પટેલનું મુખ્ય સપનું હતું. એક શક્તિશાળી, એકીકૃત ભારત, તેમનું માનવું હતું કે ભારતને સુખી અને સમૃદ્ધ બનાવવા માટે માત્ર આઝાદી પૂરતી નથી પરંતુ આત્મનિર્ભરતા પણ જરૂરી છે. તેમણે દેશના ઢાંચાને મજબૂત કરવાનુ મહત્ત્વનું યોગદાન આપ્યું.

સરદાર પટેલ માત્ર ભારત માટે ન હતા. તેમના વિચારો આજે પણ સમગ્ર વિશ્વ માટે મહત્ત્વ ધરાવે છે. એકતાનો દૃષ્ટિકોણ, શાંતિ સ્થાપવાના પ્રયત્નો અને સહિષ્ણુતાનાં મૂલ્યો આજે વિશ્વના દરેક રાષ્ટ્ર માટે પ્રેરણાત્મક છે.

વિશ્વ શાંતિ માટે આજે જ્યારે નફરત, આતંક અને વિભાજન વધતું જાય છે, ત્યારે સરદાર પટેલના દૃઢ અને શાંતિમય વિચારોને વિશ્વભરમાં પ્રસાર કરવા ખૂબ જ જરૂરી છે.

તેમના વિચારોને માનો, અનુસરો અને વિશ્વને શાંતિની દિશામાં લઈ જાવ - એ જ સાચી શ્રદ્ધાંજલિ સરદાર પટેલેને કહેવાય.

લોખંડ જેવો ઢાંચો હતો, દિલ હતું સહુ માટે,
એકતાનું સ્વપ્ન જોઈને, રાતો વીતી ગઈ કાયમ ભાતે,
રજવાડાં ભેગા કરી, એક ભારત ઊભું કર્યું,
હિંમત, શૌર્ય અને શ્રમથી, નવો ઇતિહાસ લખી દીધો.
''લોખંડી પુરુષ'' કહેવાયા, ખરા અર્થમાં વીર હતા,
ભ્રષ્ટાચારથી દૂર રહીને, દેશસેવાના શીર હતા.
આજ સ્ફૂર્તિ મળે છે અમને, તમારા વિચારોથી,
જ્યાં વાત આવે એકતાની તમે યાદ આવો છો ફરીથી.
સદી ઓસરી ગઈ પણ સ્મૃતિ જીવે છે અહીં,
શત-શત વંદન તમારું સરદારજી - આ અંજલિ સ્વીકારી લેજો આવી !

- રાજ મીનલ બળદેવભાઈ (એમ.એ, સેમ.-૧)

વિશ્વશાંતિના સૈદ્ધાંતિક માર્ગો

પ્રસ્તાવના : વિશ્વશાંતિએ પૃથ્વી પરના તમામ લોકો અને રાષ્ટ્રોની અંદર અને વચ્ચે શાંતિની આદર્શ સ્થિતિનો ખ્યાલ છે. વિવિધ સંસ્કૃતિઓ, ધર્મો, ફિલસૂફી અને સંસ્થાઓમાં આવું રાજ્ય કેવી રીતે આવશે. તેના પર વિવિધ ખ્યાલો છે. પરમાણુ નિઃશસ્ત્રીકરણ પ્રતીક, જેને સામાન્ય રીતે 'શાંતિ પ્રતીક' કહેવામાં આવે છે.

વિશ્વશાંતિ એ પૃથ્વી પરના બધા લોકો અને રાષ્ટ્રોની અંદર તેમની વચ્ચે શાંતિનો આદર્શ સ્થિતિનો ખ્યાલ છે. આવી સ્થિતિ કેવી રીતે બનશે તે અંગે વિવિધ સંસ્કૃતિઓ, ધર્મો, ફિલસૂફીઓ અને સંગઠનોના અલગ અલગ ખ્યાલો છે.

વિવિધ ધાર્મિક અને બિનસાંપ્રદાયિક સંગઠનોનો ઉદ્દેશ્ય માનવ અધિકારો, ટેકનોલોજી, શિક્ષણ, એન્જિનિયરીંગ, દવા અથવા રાજદ્વારી સમસ્યાઓનો સામનો કરીને વિશ્વ શાંતિ પ્રાપ્ત કરવાનો છે, જેનો ઉપયોગ તમામ પ્રકારના યુદ્ધના અંત તરીકે થાય છે. ૧૯૪૫ થી સંયુક્ત રાષ્ટ્ર અને તેની સુરક્ષા પરિષદના પાંચ કાયમી સભ્યો (ચીન, ફ્રાન્સ, રશિયા, યુનાઇટેડ કિંગડમ અને યુનાઇટેડ સ્ટેટ્સ) યુદ્ધ વિના સંઘર્ષોને ઉકેલવાના ઉદ્દેશ્ય હેઠળ કાર્યરત છે. તેમ છતાં, રાષ્ટ્રોએ અસંખ્ય લશ્કરી સંઘર્ષોમાં પ્રવેશ કર્યા છે.

❍ **લોકશાહી શાંતિ સિદ્ધાંત :** લોકશાહી શાંતિ સિદ્ધાંતના સમર્થકો, મુખ્યત્વે ૧૯૬૦ ના દાયકામાં વિકસિત થયા હતા, પરંતુ અઢારમી સદીના કાન્ટિયન સિદ્ધાંત પર આધાર રાખતા હતા. અને પશ્ચિમી રાજકારણીઓ દ્વારા વારંવાર સમર્થન આપવામાં આવતું હતું. તેઓ દાવો કરે છે કે મજબૂત પ્રયોગમૂલક પુરાવા અસ્તિત્વમાં છે, કે લોકશાહી ક્યારેય અથવા ભાગ્યે જ એકબીજા સામે યુદ્ધ કરતી નથી. જો કે, ઐતિહાસિક રીતે, લોકશાહી વચ્ચે ઘણા યુદ્ધ થયા છે, જેમ કે કારગિલ યુદ્ધ અને સેનેયા યુદ્ધ ચર્ચાના સંબંધિત મુદ્દાઓમાં સામેલ છે, કે સિદ્ધાંતને આંકડાકીય રીતે સાબિત કરવા માટે પૂરતો ડેટા ઉપલબ્ધ છે. અને શું શાંતિ લોકશાહીમાં પરિણમે છે ? કે તેનાથી વિપરીત.

❍ **માર્કર્સવાદ : વિશ્વક્રાંતિ દ્વારા વિશ્વશાંતિ :** કાર્લ માર્કર્સના ડાયાલેક્ટિકલ ભૌતિકવાદી સિદ્ધાંત મુજબ, મૂડીવાદ હેઠળ માનવતા ફક્ત બે વર્ગોમાં વહેંચાયેલી છે. શ્રમજીવી વર્ગ. જેમની પાસે ઉત્પાદનના સાધનો નથી, અને બુર્જિયો, જેમની પાસે ઉત્પાદનના સાધનો છે. એકવાર સામ્યવાદી ક્રાંતિ થાય અને પરિણામે ઉત્પાદનના સાધનોની ખાનગી માલિકી નાબૂદ થઈ જાય, પછી માનવતા વિભાજિત થશે નહીં અને આ બે વર્ગો વચ્ચે સર્જાયેલો તણાવ બંધ થઈ જશે.

❍ **શક્તિ દ્વારા શાંતિ :** 'શક્તિ દ્વારા શાંતિ' શબ્દનો ઉપયોગ રોમન સમ્રાટ હેડ્રિયન (શાસનકાળ ૧૧૭-૧૩૮) થી થાય છે. પરંતુ આ ખ્યાલ વધુ જૂનો છે. ભારતીય મહાકાવ્ય રામાયણ (૭ મી થી ૪ થી સદી બીસીઈ) માં ભગવાન રામને ''ભય બિન હોય ના પ્રીત'' કહેતા ટાંકવામાં આવ્યા છે. જેનો અર્થ થાય છે કે એકવાર શાંતિ માટેની પ્રાર્થના નિષ્ફળ જાય, પછી શાંતિ લાવવા માટે ભય પેદા કરવાની જરૂર પડી શકે છે.) ૧૯૪૩માં... બીજા વિશ્વયુદ્ધની ટોચ પર પેન્યુરોપિયન યુનિયનમાં તેના સ્થાપક, રિચાર્ડ વોન કુડનહોવ-કાલર્ગીએ દલીલ કરી હતી કે યુદ્ધ પછી યુનાઇટેડ સ્ટેટ્રસ (યુએસ) કાયમી વિશ્વશાંતિ સુનિશ્ચિત કરવા માટે 'આકાશનો આદેશ' લેવા માટે બંધાયેલ છે.

પરંતુ શાંતિની આટલી ભવ્ય સદીના ઉદ્‌ઘાટન માટે આપણે શાંતિની જૂની વિભાવનાઓનો અમલ કરવાની જરૂર છે. શાંતિના નવા દેવદૂતને હવે એક મોહક પરંતુ લાચાર મહિલા તરીકે નહીં, જેના હાથમાં ઓલિવ ડાળી હોય, પરંતુ ન્યાયની દેવીની જેમ કે ડાબી બાજુ સંતુલન અને જમણી બાજુ તલવાર ધરાવે છે; અથવા મુખ્ય દેવદૂત માઈકલની જેમ અગ્નિ, તલવાર અને સ્ટીલની પાંખો સાથે, સ્વર્ગની શાંતિ પુનઃ સ્થાપિત કરવા અને તેનું રક્ષણ કરવા માટે શેતાન સામે લડી રહી છે.

શાંતિએ મૂળભૂત રીતે વિશ્વના રાષ્ટ્રો વચ્ચેનો સામૂહિક સુરક્ષા કરાર છે. આ વ્યવસ્થામાં રાષ્ટ્રો, આક્રમક રાષ્ટ્ર સામે ઊભા થઈને એકબીજાનું રક્ષણ કરવા સહમત થાય છે. જો તે પ્રદેશ હડપ કરવાનો અથવા તેના પડોશીઓનો વિનાશ કરવાનો પ્રયાસ કરી, ઓછી શાંતિનો અવકાશ મર્યાદિત છે, અને તે મૂળભૂત વ્યવસ્થાની સ્થાપના રાષ્ટ્રીય સરહદોની સાર્વત્રિક માન્યતા અને રાષ્ટ્રોની સાર્વભૌમત્વ સાથે સંબંધિત

છે. બહાઈઓ માને છે કે ઓછી શાંતિ મોટાભાગે દૈવ ઈચ્છા સંચાલન દ્વારા થઈ રહી છે અને આ પ્રક્રિયા પર બહાઈઓનો પ્રભાવ પ્રમાણમાં નજીવો છે.

છેલ્લા પાંચસો વર્ષોના ઈતિહાસ ઉપર નજર નાખીએ તો તેમાં મનુષ્યની વધતી જતી લડાયક શક્તિ અને હિંસાનો વધતો જતો પ્રભાવ જોઈ શકાય છે. યુદ્ધોની વધતી જતી સંખ્યા હિંસાના પ્રસારનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.

- પરમાર હિરલબેન અશોકભાઈ(બી.એ. સેમ.-૫, રોલ નં. ૧૦૩)

* * *

વિશ્વશાંતિ...

વિશ્વમાં દર વર્ષે ૨૧ સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ તરીકે મનાવવામાં આવે છે. પહેલીવાર આ દિવસ ૧૯૮૨ માં મનાવાયો હતો.

૨૦૦૧ સુધી વિશ્વ શાંતિ દિવસ સપ્ટેમ્બર મહિનાના ત્રીજા મંગળવારે ઊજવવામાં આવતો. ૨૦૦૨ માં સંયુકત રાષ્ટ્ર મહાસભા દ્વારા ૨૧ સપ્ટેમ્બરે આ દિવસ ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો. સંપૂર્ણ વિશ્વમાં શાંતિ જાળવી રાખવી તે સંયુકત રાષ્ટ્રનો મુખ્ય ઉદ્દેશ છે.

શાંતિના સંદેશને દુનિયાના દરેક ખૂણામાં પહોંચાડવા માટે સંયુકત રાષ્ટ્ર કલા, સાહિત્ય, સિનેમા, સંગીત અને ખેલ જગતની વિશ્વવિખ્યાત હસ્તીઓને શાંતિદૂત તરીકે નિયુકત કર્યા છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ બધા દેશો વચ્ચે શાંતિ બની રહે તે છે.

લઈને સંદેશ ભાઈચારાનો,
જેથી વ્યર્થ લોહી ના વહે વતનના રખેવાળોનાં.

કબૂતરને શાંતિનું દૂત માનવામાં આવે છે. એટલે આ દિવસે સફેદ કબૂતરોને ઉડાવી શાંતિનો સંદેશ આપવામાં આવે છે. ભારતના પૂર્વ પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુએ વિશ્વમાં શાંતિ જળવાઈ રહે, તેના માટે ૫ મૂળ મંત્ર આપ્યા હતા. જે 'પંચશીલના સિદ્ધાંત' તરીકે ઓળખાય છે.

આજે પ્રત્યેક વ્યક્તિએ એ સમજવું જોઈએ કે 'માણસાઈ' જ સૌથી મોટો ધર્મ છે. ભાષા સંસ્કૃતિ અલગ હોઈ શકે પરંતુ વિશ્વના કલ્યાણનો માર્ગ એક જ હોય. વિશ્વમાં ફેલાયેલ અશાંતિ અને હિંસા જોઈને લાગે છે કે શાંતિની સ્થાપના મુશ્કેલ છે પરંતુ આપણે શાંતિના પ્રયત્નો કરવા જ રહ્યાં.

દર વર્ષે ૧૧ જુલાઈના રોજ 'વિશ્વ વસ્તી દિવસ' ઉજવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ વિશ્વભરમાં વસ્તી સંબંધિત મુદ્દાઓ પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. આ દિવસની શરૂઆત સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ દ્વારા ૧૯૮૯ માં કરવામાં આવી હતી. જ્યારે ૧૧ જુલાઈ ૧૯૮૭ ના રોજ વિશ્વ વસ્તી ૫ અબજને પાર કરી ગઈ હતી. જેને 'ફાઈવ બિલિયન ડે' તરીકે ઓળખવામાં આવ્યો હતો.

આ દિવસનો ઉદ્દેશ્ય કુટુંબ નિયોજન, લિંગ સમાનતા, ગરીબી, માતૃત્વ સ્વાસ્થ્ય, માનવ અધિકાર અને ટકાઉ વિકાસ પર વસ્તી વૃદ્ધિની અસરો જેવા મહત્ત્વપૂર્ણ વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. વસ્તી વધારાની સમસ્યા પર નિયંત્રણ મેળવવા અને તેના પડકારોને સમજવા માટે આ દિવસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.તે સરકારે, સંસ્થાઓ અને વ્યક્તિઓ વસ્તી મુદ્દાઓ પર નીતિઓ બનાવવામાં અને જાગૃતિ ફેલાવવામાં મદદ કરે છે, જેથી એક ન્યાયી અને ટકાઉ ભવિષ્યનું નિર્માણ કરી શકાય.

હું ચિત્રકામ અથવા કલરકામ વખતે ખૂબ જ શાંતિ અનુભવું છે. હું છોડની આસપાસ શાંતિ અનુભવું છું. કારણ કે તેઓ આપણા જેવા આત્મા ધરાવે છે. હું સાઈકલ ચલાવતી વખતે શાંતિ અનુભવું છું. મારા માથા પરથી પસાર થતી હવામાં લીલોતરીમાં અને ફૂલોમાં હુ શાંતિ અનુભવું છુ. કેથરિન જોહ્ન્સન કહે છે કે પૃથ્વી પર શાંતિની શરૂઆત મારાથી થાય છે, શાંતિ વાસ્તવિક છે, તે હોવી જ જોઈએ.

આપણે બધા એક મોટો પરિવાર છીએ, શાંતિ આપણામાં સુમેળ લાવે છે. કયાં અઠવાડિયે અમે ''પ્રકૃતિ અને સ્વ સાથે સમેળ રાખીએ અને શાંતિથી રહીએ'' નામની પરિયોજના પર કામ કરી રહ્યા હતા. તે ઘણું મોટું નામ છે. હું સમ્મત થાઉં છું; અમે આ પરિયોજના દ્વારા ઘણું શીખ્યા; પ્રકૃતિ અને અન્ય લોકો વિશે વિચારવું અને કાળજી લેવી. જો મારે ત્રણ વરદાન માગવાના હોય તો, આખી દુનિયામાં શાંતિ; બધા બાળકો તેમના હક જાણે; અને બધા બાળકોને શિક્ષણ મળે; આપણને વિશ્વમાં પ્રદૂષણની જરૂર નથી. જયારે શાંત અને તણાવ મુકત હોય, ત્યારે જ તે સર્જન કરી શકે છે. મને અત્યંત ગહન પ્રેરણા આપે છે.

જે મનુષ્યમાં સંયમ નથી, તેનામાં વિવેકબુદ્ધિ નથી હોતી,
જેનામાં સંયમ નથી, તેના અંતરમાં ભાવના નથી હોતી,
ભાવના વગરના મનુષ્યમાં શાંતિ નથી હોતી,
તો પછી શાંતિ વિના, તેને સુખ કેવી રીતે મળે ?

આવું ભગવાનશ્રી કૃષ્ણ કહે છે શાંતિ અને આનંદ આત્માના સહજ લક્ષણો છે. પરંતુ ધ્યાન દ્વારા આપણે એવી હાલત પેદા કરીએ છીએ, જે તે લક્ષણોને વિકસવા દે છે. હાર્ટફુલનેસ ધ્યાન પદ્ધતિ યાંત્રિક પ્રાણાહૂતિની મદદથી આપણને આંતરિક યાત્રા તરફ લઈ જાય છે, જેમાં આપણે આત્મા સાથે સપંર્ક કરીએ છીએ. અને સાચી સુખદ શાંતિનો સૌ પ્રથમ અનુભવ કરીએ છીએ. તે એટલું સુંદર છે કે આપણે ઘણીવાર તે શાંતિપૂર્ણ અવસ્થામાં ડૂબેલા જ રહેવા ઈચ્છીએ છીએ અને તેમાંથી ક્યારેય બહાર આવવા ઈચ્છતા નથી. પરંતુ આપણે બહાર આવીને સતત આગળ વધવાનું છે.

જો કે આપણે બહુ જલદી જાણી લઈએ છીએ કે ઊંડી શાંતિમાં ડૂબી જવા કરતાં કંઈક વધારે મહાન પણ છે. જો તે શાંતિને સબળ બનાવીને આપણે તેને કાર્યમાં અભિવ્યકત કરીએ, તો આપણને જણાય છે કે તે પ્રસરે છે, અને બધાને લાભ આપે છે.

જેમાં આપણી સાથે માનસિક, બૌદ્ધિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક સ્તરે જેઓ સંકળાયેલા હોય છે. આપણે સારી બાબતોને પોષવી જોઈએ અને પ્રસરાવવી જોઈએ. ત્યારે તમે અનુભવો છો કે તમે શાંત છો, ત્યારે આપણે ખૂબ જ આંતરિક સ્વતંત્રતા અનુભવીએ છીએ અને તેને 'શાંતિ' કહીએ છીએ.

- અસારી અદિતી સંદિપભાઈ (બી.એ. સેમ.-૩, રોલ નં. ૧૩૧)

* * *

વિશ્વશાંતિ અને ભારતની ભૂમિકા

વિશ્વશાંતિનો અર્થ માત્ર યુદ્ધનો અભાવ નથી, પરંતુ દેશો, સમાજો અને લોકો વચ્ચે પરસ્પર વિશ્વાસ, સહકાર,સમાનતા અને ન્યાયની સ્થાપનામાં છે. આજના યુગમાં, વૈશ્વિકીકરણ, વૈજ્ઞાનિક પ્રગતિ અને આર્થિક પરસ્પર નિર્ભરતા સાથે, વિશ્વ એક ગામ જેવું બની ગયું છે. તેમ છતાં, યુદ્ધ, આતંકવાદ, ધાર્મિક અંધશ્રદ્ધા, આર્થિક અસમાનતા અને પર્યાવરણ પ્રદૂષણ જેવા પડકારો વિશ્વ શાંતિ માટે ગંભીર ખતરો છે.

ભારતનો ઈતિહાસ, સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાન વિશ્વશાંતિના મૂલ્યોમાં ઊંડે સુધી પ્રસરેલો છે. ગાંધી યુગમાં મહાત્મા ગાંધીજીએ અહિંસાના સિદ્ધાંત અને સત્યાગ્રહના માર્ગે ભારતે સમગ્ર વિશ્વને શાંતિપૂર્ણ સંઘર્ષ અને માનવતા માટેનું ઉદાહરણ આપ્યું. 'વસુધૈવકુટુંબકમ' (સમગ્ર જગત એક

કુટુંબ છે) જેવી ભારતીય સંકલ્પના વિશ્વમાં સર્વધર્મ સમભાવ અને પરસ્પર સન્માનનો સંદેશ આપે છે.

આધુનિક યુગમાં ભારત સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા (UNO) ના શાંતિ મિશનમાં સક્રિય રીતે ભાગ લે છે. વિશ્વના અનેક દેશોમાં ભારતીય શાંતિદૂતોએ આંતરિક વિવાદો, ગૃહયુદ્ધ અને માનવતાવાદી સંકટોમાં સેવા આપી છે. ભારત પરમાણુ શક્તિ ધરાવતો દેશ હોવા છતાં "પ્રથમ ઉપયોગ નહીં" (No First Use) ની નીતિને અનુસરે છે, જે તેની શાંતિ પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

શાંતિ માટે ભારત આંતરરાષ્ટ્રીય મંચો પર નિરંતર પર્યાવરણ રક્ષણ, આતંકવાદ વિરોધ, ગરીબી દૂર કરવા અને માનવ અધિકારોની રક્ષા માટે કાર્યરત છે. યોગ, આયુર્વેદ અને ભારતીય સંસ્કૃતિના તત્ત્વો દ્વારા વિશ્વમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સમતોલનનો સંદેશ આપવામાં આવે છે.

❍ **વિશ્વશાંતિનું મહત્ત્વ :** વિશ્વમાં શાંતિ ન હોય તો વિકાસ શક્ય નથી. યુદ્ધો અને વિવાદો દેશોની અર્થવ્યવસ્થા, શિક્ષણ, આરોગ્ય અને માનવ જીવનને નાશ કરે છે. શાંતિ જ તે આધારશિલા છે, જેના પર માનવજાત એક સુંદર અને સમૃદ્ધ ભવિષ્યનું નિર્માણ કરી શકે. વિશ્વશાંતિથી દેશો વચ્ચેનો વેપાર, સંસ્કૃતિ વિનિયમ અને વૈજ્ઞાનિક સહકાર મજબૂત બને છે.

❍ **ભારતનો ઐતિહાસિક દૃષ્ટિકોણ :**

● ભારતનો ઇતિહાસ વિશ્વશાંતિના વિચારોમાં ઊંડે સુધી પ્રેરણાદાયી રહ્યો છે. પ્રાચીન ભારતીય વેદો અને ઉપનિષદોમાં 'વસુધૈવકુટુંબકમ' નો સંદેશ આપ્યો છે. જેનો અર્થ છે- સમગ્ર વિશ્વ એક કુટુંબ છે.

● **બુદ્ધધર્મ અને જૈનધર્મ** :- અહિંસા, કરુણા અને સહિષ્ણુતાના મૂલ્યો વિશ્વમાં ફેલાવ્યા.

● **મહાત્મા ગાંધીજી** :-૨૦ મી સદીમાં અહિંસા અને સત્યાગ્રહ દ્વારા ભારતે સ્વતંત્રતા મેળવી અને વિશ્વને શાંતિપૂર્ણ લડતનો માર્ગ બતાવ્યો.

❍ **આધુનિક સમયમાં ભારતની ભૂમિકા :**

● આજના સમયમાં ભારત અનેક રીતે વિશ્વશાંતિમાં યોગદાન આપે છે. ૧) **સંયુક્ત રાષ્ટ્રમાં શાંતિ મિશન** :- ભારત વિશ્વના અનેક દેશોમાં શાંતિ જાળવવા માટે પોતાની સૈન્ય ટુકડીઓ મોકલે છે. (૨) **પરમાણુનીતિ** :- ભારત પાસે પરમાણુ હથિયાર છે. પરંતુ 'પ્રથમ ઉપયોગ નહિ' (No First Use) ની નીતિ અપનાવી છે. જે શાંતિ પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. (૩) **આતંકવાદ વિરોધી પ્રયત્નો** :- ભારત આતંકવાદ સામે આંતરરાષ્ટ્રીય સ્તરે સહકાર માટે આગ્રહ રાખે છે. (૪) **પર્યાવરણ રક્ષણ** :- જલવાયુ, પરિવર્તન સામે લડવા ભારત વૈશ્વિક કરારોમાં સક્રિય ભાગ લે છે. (૫) **સાંસ્કૃતિક પ્રભાવ** :-યોગ, આયુર્વેદ, સંગીત અને આધ્યાત્મિક જ્ઞાન ભારત વિશ્વને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સમતોલનનો સંદેશ આપે છે.

❍ **ભારતનો શાંતિપ્રેમી સ્વભાવ :** વિશ્વશાંતિ માટે આતંકવાદ, ધાર્મિક અસહિષ્ણુતા, પ્રાદેશિક યુદ્ધો અને આર્થિક અસમાનતા જેવા પડકારો હજુ પણ છે. ભારત આ પડકારોનો સામનો સંવાદ, સહકાર અને નૈતિક મૂલ્યો દ્વારા કરે છે.

● ભારત પ્રાચીન સમયથી જ શાંતિપ્રેમી દેશ તરીકે ઓળખાય છે. ૧) **વસુધૈવ કુટુંબકમ** :- આખું જગત એક કુટુંબ છે. આ સંદેશ ભારતની સંસ્કૃતિનો આધાર છે. (૨) **બુદ્ધ અને મહાવીર** :- અહિંસા, કરુણા અને સત્યના સિદ્ધાંતોનો પ્રચાર. (૩) **મહાત્મા ગાંધીજી** :- અહિંસા અને સત્યાગ્રહથી સ્વતંત્રતા મેળવી અને વિશ્વને શાંતિપૂર્ણ સંઘર્ષનો માર્ગ બતાવ્યો.

❍ **ઉપસંહાર :** વિશ્વશાંતિએ કોઈ એક દેશના પ્રયત્નોથી પ્રાપ્ત થઈ શકતી નથી; તે બધા દેશોના સમૂહ પ્રયાસોનું પરિણામ છે. ભારત પોતાની પ્રાચીન સંસ્કૃતિ, અહિંસાના મૂલ્યો અને આધુનિક નીતિઓ દ્વારા વિશ્વને એકતા, સહકાર અને માનવતાના માર્ગે આગળ ધપાવવામાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. જો વિશ્વના બધા દેશો ભારતની જેમ અહિંસા, સહિષ્ણુતા અને સહકારના સિદ્ધાંતોને અપનાવે, તો વિશ્વશાંતિનું સપનું હકીકતમાં ફેરવી શકાય છે.

- દવે જાનવી એ.(બી.એ. સેમ.- ૩, રોલ નં. ૧૦૪)

* * *

વિશ્વશાંતિ વિશ્વનું સૌંદર્ય

વિશ્વમાં શાંતિ એ એક એવું સપનું છે જેને દરેક માનવ હૃદયે પોતાની રીતે અનુભવવા ઇચ્છે છે. વૈશ્વિક શાંતિનો અર્થ માત્ર યુદ્ધનો અભાવ નથી. પરંતુ તે સહિષ્ણુતા, સહકાર, સમજૂતી અને માનવતા પર આધારિત સમૃદ્ધ જીવનશૈલી છે.

આજના યુગમાં જ્યાં વિખંડન, આતંકવાદ, ધાર્મિક વિવાદો અને રાજકીય અસહિષ્ણુતા વધતી જાય છે. ત્યાં વૈશ્વિક શાંતિની આવશ્યકતા વધુ મહત્ત્વની બની ગઈ છે. શાંતિ એ આપણા સર્વાંગી વિકાસ માટેની મૂળભૂત શરત છે. કોઈપણ દેશ કે સમાજ ત્યારે જ ખરેખર વિકાસ પામે છે. જ્યારે ત્યાં સ્થિરતા અને શાંતિ હોય.

વિશ્વના દરેક ખૂણાથી ભયાનક સમાચાર સાંભળવા મળતા હોય છે. ક્યાંક યુદ્ધ ચાલી રહ્યું છે. ક્યાક આંતકવાદ, તો કયા માનવઅધિકારો ભંગ થઈ રહ્યા છે. એવી પરિસ્થિતિમાં 'વિશ્વશાંતિ' માત્ર એક આશાવાદી કલ્પના નથી રહી, પરંતુ એ આજની તાત્કાલિક જરૂરિયાત છે.

વિશ્વશાંતિનો અર્થ છે. એક એવા પરિસર જ્યા દેશો વચ્ચે સહકાર હોય સમાજોમં સમરસતા હોય અને વ્યક્તિગત સ્તરે માનવતાની ભાવના હોય. આજે જો આપણે આ દિશામાં ગંભીર પ્રયાસ ન કરીએ, તો ભવિષ્યની પેઢીઓ માટે એક અશાંતિભર્યું વિશ્વ છોડવાનો ભય છે. વિશ્વશાંતિ એ પૃથ્વી પરના બધા લોકો અને રાષ્ટ્રોની અંદર અને તેમની વચ્ચે શાંતિનો આદર્શ સ્થિતિનો ખ્યાલ છે. આવી સ્થિતિ કેવી રીતે બનશે તે અંગે વિવિધ સંસ્કૃતિઓ, ધર્મો, ફિલસૂફી અને સંગઠનોના અલગ અલગ ખ્યાલો છે.

❍ **વિશ્વશાંતિ માટે વસુધૈવ કુટુંબકમ એક વૈશ્વિક દૃષ્ટિકોણ :** આજની દુનિયામાં જ્યાં દેશમાં, ધર્મમાં, ભાષામાં અને લિંગમાં ભેદભાવ વધી રહ્યા છે. ત્યાં શાંતિ જળવાઈ રહે તે માટે માનવતાના મૂળ તત્ત્વો તરફ પાછા ફરવાની જરૂરિયાત છે. એમાં એક મહાન સંકલ્પ છે. તે 'વસુધૈવકુટુંબકમ' આ સંસ્કૃત સૂત્રનો અર્થ **આ આખી ધરતી એક પરિવાર સમાન છે.**

વસુધૈવકુટુંબકમ ઉપનિષદોમાંથી ઉદ્‌ભવેલો એક ઊંડો અને વૈશ્વિક વિચાર છે અને કહે છે કે માણસે કોઈક વિશિષ્ટ જાતિ કે પ્રદેશ સાથે નહીં પણ આખી માનવજાતિ સાથે પોતાનો સંબંધ માનવો જોઈએ. જ્યારે આપણે બધાને એક સમાન માનીશું ત્યારે ભેદભાવ હિંસા અને દ્વેષ નાશ પામશે.

❍ **વૈશ્વિક શાંતિ માટેનાં પગલાં :**

૧) જાગૃત શિક્ષણ વ્યવસ્થા : વિચારશીલ અને નૈતિકતાપૂર્ણ શિક્ષણ માનવીને શાંતિ તરફ દોરી શકે છે. શાળા સ્તરથી જ સહિષ્ણુતા, વૈવિધ્યનો આદર અને વૈશ્વિક નાગરિકતાની ભાવના વિકસાવવી અત્યંત જરૂરી બની ગઈ છે.

૨) આંતરરાષ્ટ્રીય સંવાદ અને સહયોગ : વિશ્વના દેશોએ રાજકીય પરિઘર્મી નહીં, પરંતુ માનવતાના સ્તરે એક બીજાને સમજવાની જરૂર છે. સંઘર્ષોનું સમાધાન યુદ્ધથી નહીં પરંતુ વાતચીત અને કૂટનીતિથી જ શક્ય છે.

૩) ધાર્મિક સહિષ્ણુતા અને સાંસ્કૃતિક સંવાદ : ઘણાં સંઘર્ષોનાં મૂળમાં ધાર્મિક અસહિષ્ણુતા રહેલી હોય છે. દરેક ધર્મ શાંતિનો પથ બનાવે છે. પણ તેને સંકુચિત વ્યાખ્યામાં જોવાની ભૂલથી દ્વેષ પેદા થાય છે. આ માટે સાહિત્ય સંગીત અને કળા જેવી પ્રતિકાત્મક ભાષાઓ દ્વારા લોકોને નજીક લાવવાનું કામ થવું જોઈએ.

૪) આર્થિક સમાનતા અને ન્યાય પ્રણાલી : જ્યાં ગરીબી અને બેરોજગારી છે ત્યાં અસંતોષ ઊભો થાય છે. વિશ્વ સ્તરે વિકાસને સમતોલ કરવો પડશે. માત્ર અમીર દેશો જ નહિ વિકસતા રાષ્ટ્રો પણ શાંતિ તરફ દોરી શકે છે.

૫) યુવાનો શાંતિના સત્યદૂત :- આજના યુવાનોએ યુદ્ધની ભાષા છોડીને ટેકનોલોજી, સંવાદ અને સામાજિક ન્યાયના મંચે આગેવાની લેવી જોઈએ. સોશ્યલ મિડીયા, યુટ્યૂબ એ આજનું આર્ટિફિશયલ ઇન્ટેલિજન્સ જેવા સાધનોનો ઉપયોગ કરનાર આ પેઢી વિશ્વને જોડવાની શક્તિ ધરાવે છે.

૬) અંતિમ વિચાર : વિશ્વશાંતિ કોઈએક વ્યક્તિ કે દેશનો વિષય નથી તે સમગ્ર માનવજાતનો સંકલ્પ છે. જો આપણે દેશ, ધર્મ, ભાષા કે જાતિથી ઉપર ઊઠીને વિચારીએ તો શક્ય છે કે ઉજ્જ્વળ ભવિષ્યનું સપનું સાકાર થઈ શકે.

સંવાદ, સહકાર અને અહિંસાથી જ શક્ય છે. 'વિશ્વશાંતિ'

- તળપદા કમલેશભાઈ એ.(બી.એ. સેમ.-૩, રોલ નં. ૧૪૬)

* * *

વિશ્વશાંતિ એટલે શું? વિશ્વશાંતિ સ્થાપિત કરવા માટેના પ્રયાસો

❍ **વિશ્વશાંતિ એટલે શું ? :** વિશ્વશાંતિનો અર્થ છે કે દુનિયાના દેશો અને લોકો વચ્ચે કોઈ પણ પ્રકારના યુદ્ધ, હિંસા કે સંઘર્ષ ન હોય. આ એવી સ્થિતિ છે જેમાં દરેક વ્યક્તિ સુરક્ષિત, સુખી અને સ્વતંત્રતાપૂર્વક જીવી શકે છે. વિશ્વશાંતિમાં પરસ્પર સહકાર, ન્યાય, સમાનતા અને સહિષ્ણુતાનો સમાવેશ થાય છે. વિશ્વશાંતિ સ્થાપિત કરવા માટે ઘણા પ્રયાસો કરવામાં આવ્યા છે. જેમાં નીચેના મુખ્ય પ્રયાસોનો સમાવેશ થાય છે.

❍ સંયુક્ત રાષ્ટ્ર (United Nations-UN) :- UN એ વિશ્વશાંતિ અને સુરક્ષા જાળવવા માટેનું સૌથી મોટું આંતરરાષ્ટ્રીય સંગઠન છે. તે સંઘર્ષોને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા, માનવ અધિકારોનું રક્ષણ કરવા અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન સુનિશ્ચિત કરવા માટે કામ કરે છે.

❍ નિઃશસ્ત્રીકરણ : (Disarmanent) :- ઘણા દેશો પરમાણું અને અન્ય વિનાશક શસ્ત્રોના ઘટાડા અને નાબૂદી માટે કરારો કરે છે, જેથી યુદ્ધનું જોખમ ઓછું થાય.

❍ શાંતિ સંધિઓ : (Peace Teaties) :- સંઘર્ષ પછી, દેશો શાંતિ સંધિઓ પર હસ્તાક્ષર કરે છે. જે ભવિષ્યમાં સંઘર્ષોને રોકવામાં મદદ કરે છે.

❍ માનવતાવાદી સહાય (Humanitarian Aid) :- આ સંગઠનો યુદ્ધ અને સંઘર્ષથી પ્રભાવિત લોકોને મદદ પૂરી પાડે છે. જેથી તેમની પરિસ્થિતિ સુધરી શકે અને શાંતિ સ્થાપિત થઈ શકે.મારા મત મુજબ વિશ્વશાંતિ ઉપર જણાવ્યા મુજબ છે.

- ઠાકોર પાયલબેન અશોકભાઈ (બી.એ. સેમ.-૫, રોલ નં. ૧૧૮)

* * *

વિજ્ઞાન ઉત્સવ - ૨૦૨૫

સહકારી શિક્ષણ વર્ગ

સ્ટુડન્ટ ઈન્ડકશન પ્રોગ્રામ - ૨૦૨૫

NIC કેમ્પમાં ભાગીદારી - જમ્મુ કાશ્મીર

સ્વયં શિક્ષક દિન – ૨૦૨૫

અતિથિ વ્યાખ્યાન : ડૉ. પંકજ પટેલ, સમાજશાસ્ત્ર વિભાગ

NSS અભિમુખતા કાર્યક્રમ – ૨૦૨૫

વિશ્વ સર્પ દિવસની ઉજવણી

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' એ વિદ્યાર્થીઓનાં જોમ અને ઉત્સાહ-શક્તિ દ્વારા સમાજમાં ઊંચા શિખરો સર કરી તેમનાં સ્પંદનોને સ્પર્શ કરતા ત્રિમાસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. અંકમાં લખેલા લેખ, કાવ્યો તથા અન્ય કૃતિઓ જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે કે વિચાર્યું છે તેને તેઓએ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે. આ 'ઉત્થાન' મેગેઝિન દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે અથવા Email ID-petladartsandscience@gmail.com મારફતે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter) BOOK POST

To _____

_____

From :-

_____

_____

આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬, મો. ૬૩૫૪૪ ૫૮૨૮૧